# સામાજિક વિજ્ઞાન ( આદર્શ પ્રશ્નપત્ર – ધોરણ / 8 )

## Created By – Vijay Mori

સમય: 3 કલાક | કુલ ગુણ: 80

વિદ્યાર્થીનું નામ: ______________________________ શાળાનું નામ: ___________________________

---

પ્રશ્ન-(1) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (કોઈપણ બે) **[08]**

**(1)** રાજા રામમોહનરાયે સામાજિક સુધારા માટે કયા કયા પ્રયત્નો કર્યા હતા?

**(2)** રવીન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચારો વિગતે સમજાવો.

**(3)** અંગ્રેજ શાસન દરમિયાન ભારતના કાપડ ઉદ્યોગની સ્થિતિ વર્ણવો.

પ્રશ્ન-(2) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. **[04]**

**(1)** જ્યોતિરાવ ફૂલેએ કઈ સંસ્થાની સ્થાપના કરી હતી?

**(2)** બ્રહ્મો સમાજની સ્થાપના કોણે કરી હતી?

**(3)** મહારાષ્ટ્રમાં સ્ત્રી શિક્ષણની શરૂઆત કોણે કરી હતી?

**(4)** આર્ય સમાજનું મુખ્ય સૂત્ર કયું હતું?

પ્રશ્ન-(3) (અ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **[06]**

**(1)** સાયમન કમિશનનો વિરોધ શા માટે કરવામાં આવ્યો?

**(2)** 'કરો યા મરો' સૂત્ર ગાંધીજીએ કઈ લડત દરમિયાન આપ્યું હતું?

**(3)** જલિયાંવાલા બાગનો હત્યાકાંડ ક્યારે અને ક્યાં થયો હતો?

પ્રશ્ન-(3) (બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. **[04]**

**(1)** સુભાષચંદ્ર બોઝે 'આઝાદ હિન્દ ફોજ'નું નેતૃત્વ સંભાળ્યું હતું.

**(2)** રાજ્યસભા એ કાયમી ગૃહ નથી.

**(3)** ભારતનું બંધારણ **26** જાન્યુઆરી, **1950** ના રોજ લાગુ પડ્યું હતું.

**(4)** લોકસભામાં કુલ **543** સભ્યોની ચૂંટણી થાય છે.

પ્રશ્ન-(4) (અ) યોગ્ય જોડકાં જોડો. [04] |

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (1) શાંતિનિકેતન | (A) નર્મદ |
| (2) સત્યશોધક સમાજ | (B) રવીન્દ્રનાથ ટાગોર |
| (3) આર્ય સમાજ | (C) જ્યોતિરાવ ફૂલે |
| (4) મારી હકીકત | (D) દયાનંદ સરસ્વતી |

પ્રશ્ન-(4) (બ) ખાલી જગ્યા પૂરો. [04]

(1) કલા એ માનવીની _________ ની અભિવ્યક્તિ છે.

(2) ગુજરાતના જાણીતા ચિત્રકાર _________ ને 'કલાગુરુ' તરીકે ઓળખવામાં આવે છે.

(3) ચિત્રકલાના ક્ષેત્રે 'મહાભારત' અને 'રામાયણ' ના પ્રસંગોને આધારે સુંદર ચિત્રો ________ એ તૈયાર કર્યા હતા.

(4) ભારતીય શિલ્પકલાનો સુવર્ણયુગ _________ કાળ ગણાય છે

પ્રશ્ન-(5) ટૂંકમાં જવાબ લખો. [06]

(1) દેશના ભાગલા સમયે કઈ મુખ્ય સમસ્યાઓ ઉભી થઈ હતી?

(2) રાજ્ય પુનર્ગઠન પંચની જરૂરિયાત શા માટે ઉભી થઈ?

(3) સરદાર વલ્લભભાઈ પટેલે રિયાસતોના વિલીનીકરણમાં શું ફાળો આપ્યો?

પ્રશ્ન-(6) નીચે આપેલ ઉદ્યોગોનું વર્ગીકરણ કરો. [06]

(ખાંડ ઉદ્યોગ, પાપડ બનાવવાનો ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ, અથાણાં બનાવવા, સુતરાઉ કાપડ, માટીના વાસણો)

- ગૃહ ઉદ્યોગ: ________, ________
- મધ્યમ કદના ઉદ્યોગ: ________, ________
- મોટા કદના ઉદ્યોગ: ________, ________

પ્રશ્ન-(7) (અ) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. [04]

(1) સ્ત્રી-પુરુષ પ્રમાણ (જાતિ પ્રમાણ) એટલે શું?

(2) વસ્તી ગણતરી (સેન્સસ) દર કેટલા વર્ષે કરવામાં આવે છે?

**પ્રશ્ન-(7) (બ) મને ઓળખો.** **[04]**

**(1) હું વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છું.**

**(2) હું ગુજરાતનું સૌથી વધુ સાક્ષરતા ધરાવતું શહેર છું.**

**(3) હું ભારતનું સૌથી ઓછી વસ્તી ધરાવતું રાજ્ય છું.**

**(4) હું પૃથ્વી પરનું સૌથી મહત્વનું કુદરતી સંસાધન છું.**

**પ્રશ્ન-(8) (અ) ટૂંકનોંધ લખો. (કોઈપણ બે)** **[06]**

**(1) સુનામીના કારણો અને અસરો.**

**(2) ભૂસ્ખલન (Landslide) થી બચવાના ઉપાયો.**

**(3) પૂર (Flood) વખતે રાખવાની સાવચેતી.**

**પ્રશ્ન-(8) (બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર લખો.** **[06]**

**(1) નીચેનામાંથી કઈ કુદરતી આપત્તિ છે?**

| | | | |
|---|---|---|---|
| **(A) આગ** | **(B) હુલ્લડ** | **(C) ધરતીકંપ** | **(D) બોમ્બ વિસ્ફોટ** |

**(2) વાતાવરણમાં ઉદ્ભવતા તોફાની પવનોને શું કહે છે?**

| | | | |
|---|---|---|---|
| **(A) દુષ્કાળ** | **(B) વાવાઝોડું** | **(C) સુનામી** | **(D) દાવાનળ** |

**(3) જંગલોમાં લાગતી આગને શું કહેવામાં આવે છે?**

| | | | |
|---|---|---|---|
| **(A) જ્વાળામુખી** | **(B) દાવાનળ** | **(C) પૂર** | **(D) ધરતીકંપ** |

**(4) આપત્તિના સમયે કઈ હેલ્પલાઇન નંબર પર ફોન કરવામાં આવે છે?**

| | | | |
|---|---|---|---|
| **(A) 100** | **(B) 101** | **(C) 108** | **(D) આપેલ તમામ** |

**(5) પ્લેગ એ કેવી આપત્તિ ગણાય છે?**

| | | | |
|---|---|---|---|
| **(A) ભૂસ્તરીય** | **(B) જૈવિક** | **(C) માનવસર્જિત** | **(D) અવકાશી** |

**(6) કોરોના કાળમાં કઈ સાવચેતી રાખવી જરૂરી હતી?**

| | | | |
|---|---|---|---|
| **(A) માસ્ક પહેરવું** | **(B) અંતર રાખવું** | **(C) હાથ ધોવા** | **(D) આપેલ તમામ** |

પ્રશ્ન-(9) (અ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (કોઈપણ બે) [06]

(1) એફ.આઈ.આર. (FIR) એટલે શું? તેમાં કઈ વિગતો હોય છે?

(2) વડી અદાલતના અધિકાર ક્ષેત્રો જણાવો.

(3) લોક અદાલતના ફાયદાઓ વર્ણવો.

પ્રશ્ન-(9) (બ) ખાલી જગ્યા પૂરો. [04]

(1) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિમણૂક _________ કરે છે.

(2) ભારતમાં ન્યાયતંત્રમાં સૌથી ટોચ પર _________ અદાલત છે.

(3) કાનૂની સેવા સત્તા મંડળની કચેરીનું વડું મથક _________ માં છે.

(4) ન્યાયતંત્રમાં _________ ને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રશ્ન-(10) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. [04]

(1) સામાજિક ન્યાય એટલે શું?

(2) વ્યક્તિને ન્યાય મેળવવા માટે કોણ મદદ કરી શકે છે?

પ્રશ્ન-(11) નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. [04]

(1) હરિયાળી ક્રાંતિ એટલે શું?

(2) શ્વેતક્રાંતિથી કયા કયા લાભો થયા છે?